**સેશન્સ કેસ નંબરઃ– ૪૯/૨૦૧૬**

**આંક –૧૦૨**

| સેશન્સ કેસ નંબરઃ– ૪૯/૨૦૧૬ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૬ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ડો. મનીષકુમાર નવીનભાઈ ઠકકર | | | |
| ધર્મ | હીન્દુ | | મોબાઈલ નંબર | 9825169139 |
| ઉંમર આશરે | ૪૭ | વરસની | ધંધો | વીર હાર્ટ એન્ડ મેડીસીન હોસ્પિટલ ડીસા |
| રહેવાનુ | ડીસા તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું હાલ વીર હાર્ટ એન્ડ મેડીસીન હોસ્પિટલ ડીસા ખાતે એમ.ડી.મેડીસીન પોતાની હોસ્પિટલ ચલાવુ છું. દર્દીનું નામ રમતુજી સુઢાજી ઠાકોર રહે.ઉવારસદ તા.જી.ગાંધીનગરવાળઓ તા.૧૮/૧૦/૨૦૧૫ ના રોજ સવારે ચાર વાગે મારી સારવાર માટે દર્દીના સગા લઈને આવેલા. દર્દી સભાનઅવસ્થામાં ન હતુ. ત્યારબાદ તેમના સગાવ્હાલને પુછતા તેઓએ જણાવેલ કે અચાનક બેહોશ થઈ ગયેલ હોવાથી અમો સારવાર માટે લઈને આવેલા. દર્દીના સગાને વધુ પુછપરછ કરતા બીજા લક્ષણો જેવા કે માથુ દુખવુ, ઉલ્ટી થવી, ખેંચ આવવી, તાવ આવવો એવા કોઈ લક્ષણો હતા નહી. કોઈ બીજી જુની બીમારી વિશે પુછપરછ કરતા એવી કોઈ ગંભીર બિમારી ભુતકાળમાં હતી નહી. દર્દીની તપાસ કરતા દર્દીનું બ્લડ પ્રેશર તથા ઓકિસજનનું લેવલ અને ધબકારા નોર્મલ હતા. વધુ તપાસ કરતા

સાહેદની સહી............................

દર્દીને બેભાન અવસ્થામાંથી પેઈનફુલ સ્ટીમ્યુલાઈઝ આપતા થોડા હોશમાં આવતા અને પાછા બેહોશ થઈ જતા હતા. તપાસ કરતા કોઈ લકવા પડેલો હોય તેવા કોઈ લક્ષણો જણાયેલા ન હતા. કોઈ ઝેરી દવા પીધી હોય તેવા કોઈ લક્ષણો જણાયેલા ન હતા. દર્દીને સુગરનું લેવલ થોડુ ઓછુ હતુ એટલ ે સારવાર માટે સુગરના અને ફ્લ્યુડ અને ઓક્સિજન ચાલુ કરાયો હતો અને લોહીના રીપોર્ટ વધુ તપાસ માટે લેબોરેટરીમાં મોકલાવેલ હતા. ત્યારબાદ રીપોર્ટ આવતા દર્દીને કોઈ કીડની લીવરની કોઈ બીમારીઓ જણાઈ આવેલ ન હતી. દર્દીને સગાને વધુ સારવાર માટે તથા વધુ તપાસ માટે આગળ લઈ જવાની ભલામણ કરેલી કે જેવી કે આઈ.સી.યુ.ની સગવડ સાથે એમ.આર.આઈ. ન્યુરોફીજીશીયનની અવેલીબીટી તથા અન્ય લોહીમાં ડ્રગ લેવલે તપાસ માટે આગળ મોકલેલ. ડીસા રૂરલ પો.સ્ટે.મને ભોગબનનારનું સારવાર સર્ટી આપવા માટે યાદી પણ કરેલ હતી અને ભોગબનનારની સારવાર બાદ મે સારવાર સર્ટીફીકેટ આપેલુ હતુ.

મને માર્ક:૮/૯વાળી સારવાર સર્ટીફીકેટ આપવા બાબતની યાદી બતાવવામાં આવે છે, જે યાદી તા.૨૩/૧૦/૨૦૧૫ મળેલી અને જે તપાસના કામે ત.ક.અમલદારે સામેલ રાખેલ છે, જે હું ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **આંક:૧૦૩** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૧૦ વાળું સારવાર મેડીકલ સર્ટીફીકેટ બતાવવામા આવે છે ,જે સર્ટીફીકેટ મારા સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલ હતુ અને નીચે મારી સહી અને હોદો છે, જે હું ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **આંક:૧૦૪** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી..**

સાહેદની સહી............................

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. એમ.જી.પંચાલ.**

(૨) એ વાત ખરી છે કે મે ફકત પ્રાથમિક સારવાર આપેલી. એ વાત ખરી છે કે તેમના સગાવહાલાએ કોઈ હીસ્ટ્રી જણાવેલ નથી કે મારા સર્ટીફીકેટમાં કોઈ હીસ્ટ્રી લખેલ નથી.

**વિશેષ ઉલટતપાસ નથી.**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા | (કુ.એસ.એમ.કાનાબાર) |
| તા. ૦૩/૦૨/૨૦૨૬ | છઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી............................